## GK Samixa 1થી 30 September 2017,સામાન્ય જ્ઞાન

## સમીક્ષા 32 (2) તારીખ 1/9/2017

**રાજીવ ગાબાએ કેન્દ્રીય ગૃહ સચિવનો પદભાર સંભાળ્યો..**

૧) ભારતીય પ્રશાસનિક સેવા (આઈ.એ.એસ.) ના વરિષ્ઠ અધિકારી રાજીવ ગાબાએ 31 ઓગસ્ટ 2017 ના રોજ કેન્દ્રીય ગૃહ સચિવનો પદભાર સંભાળેલ છે.

૨) રાજીવ ગાબાએ રાજીવ મહર્ષિનું સ્થાન લીધેલ છે.

૩) રાજીવ મહર્ષિ વર્ષ 1978 ની બેંચના રાજસ્થાન કેડરના આઈ.એ.એસ. અધિકારી છે.

૪) મહર્ષિનો કાર્યકાળ 30 ઓગસ્ટ 2017 ના રોજ પૂર્ણ થયેલ છે.

૫) આ પહેલા રાજીવ ગાબા શહેરી વિકાસ મંત્રાલયના સચિવ તરીકે કાર્ય કરતા હતા.

૬) રાજીવ ગાબા કેન્દ્રીય અને રાજ્ય સરકારોમાં અને આંતરરાષ્ટ્રીય સંગઠનોમાં વરિષ્ઠ પદ પર સેવા આપી ચુક્યા છે.

૭) વર્ષ 1959 માં જન્મેલા ગાબાએ પંજાબમાં ભૌતિક વિજ્ઞાનમાં સ્નાતકની ડીગ્રી મેળવેલ છે.

## સમીક્ષા 33 (2) તારીખ2/9/17

**રાજીવકુમાર નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા..**

૧) પ્રસિદ્ધ અર્થશાસ્ત્રી રાજીવ કુમાર 1 સપ્ટેમ્બર 2017 ના રોજ નીતિ આયોગના ઉપાધ્યક્ષ તરીકે પસંદગી પામ્યા છે.

૨) રાજીવકુમારે અરવિંદ પનગઢિયાનું સ્થાન ગ્રહણ કરેલ છે.

૩) અરવિંદ પનગઢિયાએ હાલમાં આ પદ પરથી રાજુનામું આપી દીધેલ છે.

૪) નીતિ આયોગ સરકારની થીંક ટેંકના સ્વરૂપે પ્રદાન કરે છે.

૫) રાજીવ કુમાર ઘણા મંત્રાલય અને સચિવ પદને શોભાવી ચુક્યા છે.

૬) રાજીવ કુમારે બિન સરકારી સંગઠન ઈન્ડિયા ફાઉન્ડેશનની પણ સ્થાપના કરેલ છે.

૭) રાજીવ કુમાર ઓક્સફર્ડ યુનિવર્સીટીના અર્થશાસ્ત્રવિષયના વિદ્યાર્થી રહી ચુક્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# GK Samixa 1થી 30 September 2017,સામાન્ય જ્ઞાન

## સમીક્ષા 34 (2) તારીખ 3/9/17

**નવી દિલ્હીમાં રાજસ્વ જ્ઞાન સંગમનું વાર્ષિક સંમેલન આયોજિત કરવામાં આવ્યું..**

૧) દેશના વડાપ્રધાનશ્રી દ્વારા બે દિવસીય રાજસ્વ જ્ઞાન સંગમ વર્ષ 2017 ની શરૂઆત કરવામાં આવી છે.

૨) આ સંમેલન વિજ્ઞાન ભવન નવી દિલ્હીમાં આયોજિત કરવામાં આવેલ.

૩) આ સંમેલન કેન્દ્રીય પ્રત્યક્ષ કર બોર્ડ અને કેન્દ્રીય ઉત્પાદન શુલ્ક અને સીમા બોર્ડ દ્વારા સયુંકત રૂપથી આયોજિત કરવામાં આવેલ.

૪) આ સંમેલનનો મુખ્ય ઉદેશ્ય ક્ષેત્રીય કાર્યાલયોમાં નીતિ નિર્માતાઓ અને વરિષ્ઠ અધિકારીઓ વચ્ચે બંને બાજુ સંચાર કરવાનો છે.

૫) આ સંચારના કારણે રાજસ્વ સંગ્રહ વધારવા અને તેનું પ્રમુખ ક્ષેત્રોમાં સારું પરિણામ જોવા મળશે.

૬) આ આયોજનથી જે તે ક્ષેત્રમાં કાયદો અને નીતિઓને પ્રભાવી કાર્યાન્વિતની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો છે.

૭) વર્ષ 2016 માં પ્રથમવાર બે રાજ્યોનું સયુંકત સંમેલન રાજસ્વ જ્ઞાન સંગમ અંતર્ગત આયોજિત કરવામાં આવ્યું હતું.

## સમીક્ષા 35 (2) તારીખ 4/9/2017

**બ્રિકસ બેંક સહયોગી તંત્રના પાંચ બેંક ક્રેડીટ લાઈન્સ સ્થાપિત કરશે..**

૧) બ્રિકસ બેંક સહયોગ તંત્રના પાંચ બેંક રાષ્ટ્રીય મુદ્રાઓમાં ક્રેડીટ લાઈન્સ સ્થાપિત કરશે.

૨) હાલ ચીનમાં બ્રિકસ સંમેલન મળેલ.તે પહેલા આ નિર્ણય લેવામાં આવેલ છે.

૩) બ્રાજીલિયન ડેવલપમેન્ટ બેંક, વિનશેકોન બેંક, એક્સપોર્ટ –ઈમ્પોર્ટ બેંક ઓફ ઇન્ડિયા , ચીન ડેવલપમેન્ટ બેંક અને ડેવલપમેન્ટ બેંક ઓફ સાઉથ આફ્રિકાએ બીજિંગમાં સમજુતી કરાર કરેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૪) બ્રિક્સ શિખર સંમેલન પૂર્વે ન્યુ ડેવલપમેન્ટ બેંકે ભારત,રશિયા અને ચીનમાં સ્થાયી વિકાસ પરિયોજનાઓ માટે 1.4 અબજ અમેરિકી ડોલરના ઋણને મંજુરી આપી દીધેલ છે.

૫) હાલ ચીન દેશ બ્રિક્સ દેશોનું નવમાં શિખર સંમેલનની મેજબાની કરી રહ્યું છે.

૬) નવામાં બ્રિક્સ શિખર સંમેલનનો વિષય છે, સ્ટ્રોંગર પાર્ટનરશીપ ફોર અ બેટર ફ્યુચર.

૭) બ્રિક દેશોમાં વર્ષ 2011 માં સાઉથ આફ્રિકા જોડતા તેનું નામ બ્રિક્સ બન્યું છે.

**સમીક્ષા 36 (2) તારીખ 5/9/17**

**કેનીથ જસ્ટર ભારતમાં અમેરિકાના રાજદૂત તરીકે નિમાયા..**

૧) અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સપ્ટેમ્બર 2017 ના પ્રથમ સપ્તાહમાં કેનીથ જસ્ટરને ભારતના રાજદૂત તરીકે નિયુક્ત કરેલા છે.

૨) અમેરિકી રાષ્ટ્રપતિ દ્વારા જસ્ટર માટેની આ જાહેરાત જુન માસમાં કરવામાં આવી હતી.

૩) જસ્ટર વર્ષ 2001–2005 ના વાણિજ્ય અવર સચિવ તરીકે પોતાની સેવા આપી ચુક્યા છે.

૪) જસ્ટર વર્ષ 1992–1993 વચ્ચે વિદેશ મંત્રાલયમાં કાર્યવાહક વાણિજ્ય દૂત પણ રહ્યા છે.

૫) તેઓએ હાવર્ડ કાયદાની સ્કુલમાંથી કાયદાની ડીગ્રી પ્રાપ્ત કરી હતી.

૬) જસ્ટરે પોતાના કાર્યકાળ દરમિયાન અમેરિકા–ભારત ઉચ્ચ પ્રાદ્યોગીકી સહાયતા સમૂહની સ્થાપના પણ કરી હતી.

૭) કેનીથ જસ્ટરને વર્ષ 2004 માં બ્લૈકકવિલ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.

**સમીક્ષા 37 (2) તા 6/9/17**

**ભારત અને નેપાળ વચ્ચે સયુંકત સૈન્ય અભ્યાસ શરુ...**

૧) 5 સપ્ટેમ્બર 2017 ના રોજ નેપાળના પશ્ચિમી જીલ્લા રુપનહેડીમાં સયુંકત સૈન્ય અભ્યાસ ભારત અને નેપાળ વચ્ચે શરુ થયેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) આ અભ્યાસમાં આતંકવાદ અને જંગલોમાં થનાર અભિયાન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

૩) સૈન્ય અભ્યાસ દરમિયાન ભારત અને નેપાળની સેનાના વરિષ્ઠ અધિકારીઓ હાજર રહેશે.

૪) નેપાળી સેનાના વરિષ્ઠ અધિકારી રાજેન્દ્ર કાર્કીએ સુર્ય કિરણ અભ્યાસનું ઉદ્‌ઘાટન કરેલ છે.

૫) તેમાં ભારત અને નેપાળના લગભગ 300–300 સૈનિકો ભાગ લેશે.

૬) આપદા પ્રબંધન અને સયુંકત આપદા રાહત અભિયાન આ અભ્યાસનું મહત્વનું લક્ષ્ય રહેશે.

૭) ભારત અને નેપાળ વચ્ચેના 12 માં સયુંકત સૈન્ય અભ્યાસનું સત્ર 16 સપ્ટેમ્બર 2017 ના રોજ સંપન્ન થશે.

## સમીક્ષા 38 (2) તા 7/9/2017

**નીતિ આયોગે રાષ્ટ્રીય પોષણ રણનીતિ જાહેર કરી..**

૧) નીતિ આયોગે 5 સપ્ટેમ્બર 2017 ના રોજ રાષ્ટ્રીય પોષણ રણનીતિ શરુ કરેલ છે.

૨) નીતિ આયોગે માનવીય વિકાસ,ગરીબીમાં કમી તથા આર્થિક વિકાસ સાથે પોષણને પણ મહત્વ આપવામાં આવેલ છે.

૩) આ યોજનાનું લક્ષ્ય રાષ્ટ્રીય વિકાસ કાર્યસુચીમાં સામેલ કરવામાં આવેલ છે.

૪) નીતિ આયોગે જણાવ્યું છે કે આપણા પોષણ ઉદેશ્યોને પ્રાપ્ત કરવા માટે આ યોજનાના કાર્યકર્તાઓ અને ચિકિત્સકો વચ્ચે પ્રભાવપૂર્ણ રોડમેપ તૈયાર કરવામાં આવશે.

૫) હાલ નીતિ આયોગના ઉપાધ્યક્ષ રાજીવ કુમાર ફરજ બજાવી રહ્યા છે.

૬) એક સર્વે અનુસાર ભારતમાં ત્રણ બાળકોમાં એક બાળક કુપોષિત છે.

૭) આ પોષણ યોજના જન્મથી મુત્યુ સુધીનો પોષણની જરૂરિયાતને ધ્યાને લેવામાં આવી છે.

## સમીક્ષા 39 (2) તારીખ 8/9/2017

**નારાયણ મૂર્તિને પ્લસ એલાયન્સ પુરસ્કાર પ્રદાન કરવામાં આવ્યો..**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

# GK Samixa 1થી 30 September 2017,સામાન્ય જ્ઞાન

૧) ઈન્ફોસીસના સહ સંસ્થાપક એન.આર. નારાયણ મૂર્તિ અને મુંબઈમાં જન્મેલા વૈજ્ઞાનિક વીણા સહજવલ્લાને પ્લસ એલાયન્સ પ્રાઈઝથી સન્માનિત કરવામાં આવ્યા છે.

૨) આ પુરસ્કાર બે શ્રેણીઓમાં પ્રદાન કરવામાં આવે છે, જેમાં શિક્ષા,નવાચાર અને અનુસંધાન નવાચારમાં પ્રદાન કરવામાં આવે છે.

૩) નારાયણ મૂર્તિને ગ્લોબલ લીડરશીપ માટે પ્લસ એલાયન્સ પ્રાઈઝ આપવામાં આવેલ છે.

૪) જયારે પ્રો.સહજવલ્લાને તેઓની પરિયોજનાઓ માટે રીસર્ચ બદલ આ એવોર્ડ આપવામાં આવેલ છે.

૫) આ પુરસ્કારમાં 50 હજાર અમેરિકી ડોલર આપવામાં આવે છે.

૬) પ્લસ એલાયન્સ એક પ્રતિષ્ઠિત પ્રાઈઝ માનવામાં આવે છે.

૭) આ પ્રાઈઝ સંશોધન નવાચાર ગ્લોબલ લીડરશીપ અને ગ્લોબલ ઈનોવેશન પ્રદાન માટે આપવામાં આવે છે.

## સમીક્ષા 40 (2) તા 9/9/2017

**નિર્મલા સીતારામને  સંરક્ષણ મંત્રી તરીકેનો હવાલો સંભાળ્યો..**

૧) પૂર્વ વાણીજ્ય પ્રધાન નિર્મલા સીતારામનને નવા સંરક્ષણ પ્રધાન બનાવવામાં આવ્યા છે.

૨) તેઓ દેશના બીજા મહિલા સંરક્ષણ પ્રધાન તરીકે નવી ઓળખ પામ્યા છે.

૩) આ પહેલા પૂર્વ વડાપ્રધાનશ્રી ઈન્દિરા ગાંધી બે વાર આ પદ પર ફરજ બજાવી ચુક્યા છે.

૪) ભારતના હાલના નાણા પ્રધાન અરુણ જેટલી પાસે આ સંરક્ષણનો વધારાનો હવાલો હતો તે હવેથી નિર્મલા સીતારામન સંભાળશે.

૫) તેઓના દ્વારા લશ્કરને આધુનિક બનાવવાની અને સંરક્ષણ સોદાનો જડપી અમલ થાય તેવા પ્રયાસો કરવામાં આવશે.

૬) તેઓએ એમ પણ જણાવેલ કે લાંબા સમયથી વણઉકેલ્યા પ્રશ્નો પણ સંરક્ષણ વિભાગના ઉકેલવાનો પ્રયાસ કરાશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૭) સંરક્ષણ પ્રધાનનો હવાલો સંભાળ્યા બાદ તેમણે પૂર્વ સૈનિકો,વિધવાઓ અને આશ્રિત સૈનિકોને અનુદાન આપવાની જાહેરાત કરી હતી.

૮) આર્મ્ડ ફોર્સીસ ફ્લેગ ડે ફંડમાંથી તેણી દ્વારા રૂ.13 કરોડથી વધુની નાણાસહાય જાહેર કરવામાં આવી છે.

## સમીક્ષા 41 (2) તારીખ 10/9/2017

**એન.એસ.જી.દ્વારા પ્રથમ નેશનલ કૈનાઇન સેમીનાર આયોજિત કરવામાં આવ્યો..**

૧) ગૃહ રાજ્ય મંત્રી શ્રી કિરણ રીજ્જુએ એન.એસ.જી. કેમ્પસ માનસેર (ગુરુગ્રામ) હરિયાણામાં આયોજિત કાર્યક્રમમાં ભાગ લીધો.

૨) આ કાર્યક્રમ એન.એસ.જી. દ્વારા પ્રથમ નેશનલ કૈનાઇન સેમીનાર હતો.

૩) આ કાર્યક્રમ બે દિવસ સુધી ચાલેલો. તેમાં ઘણા અગત્યના વ્યક્તિઓ હાજર રહ્યા હતા.

૪) નેશનલ કૈનાઇન કાર્યક્રમનો વિષય હતો, કેનાઈન એઝ ટેકટીકલ વેપન ઈન ફાઈટ અગેનિસ્ટ ટેરેરીઝમ.

૫) આ કાર્યક્રમનું આયોજન કાઉન્ટર ટેરેરીઝમમાં કૂતરાની સતર્કતા અને પ્રશિક્ષણ માટે રણનીતિ ઘડવા માટેનો હતો.

૬) એન.એસ.જી.દેશમાં બ્લેક કેટ્સ તરીકે જાણીતા છે.

૭) એન.એસ.જી.ની સ્થાપના વર્ષ 1984 માં કરવામાં આવી છે.

## સમીક્ષા 42 (2) તા 11/9/2017

**ડીઝીટલ સાક્ષરતા માટે અસમ સરકારે ગુગલ સાથે સમજુતી કરાર કર્યા..**

૧) રાજ્યના અંતરિયાળ વિસ્તારોમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી પહોંચાડવા માટે આ પગલું લેવામાં આવેલ છે.

૨) ગુગલ દ્વારા ઈન્ટરનેટ કનેક્ટિવિટી પહોંચાડવા માટે આ સમજુતી કરાર કરવામાં આવેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) અસમ સરકાર દ્વારા 2600 ગામોમાં નેટ પ્રદાન કરવામાં આવશે.

૪) અસમ રાજ્યમાં ચાનું ઉત્પાદન વધારે થતું હોવાથી 1500 જેટલા ચાના બગીચાઓમાં પણ નેટ કનેક્ટિવિટી આપવામાં આવશે.

૫) ગુગલ અને અસમ સરકારના સયુંકત પ્રયાસોથી આ પ્રયત્ન સફળ થશે.

૬) હાલ અસમના મુખ્યમંત્રી તરીકે સરબાનંદ સોનોવાલ સેવા આપી રહ્યા છે.

૭) અસમના હાલના રાજ્યપાલ તરીકે બનવારીલાલ પુરોહિત સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા 43 (2) તા 12/9/2017

**ડી.આર.ડી.ઓ. એ નાગ મિસાઈલનું સફળ પરીક્ષણ કર્યું...**

૧) ભારતની સ્વદેશી બનાવટ પર વિકસાવેલ ત્રીજી પેઢીની એન્ટી ટેંક ગાઈડેડ મિસાઈલ (એટીજીએમ) નાગનું સફળ પરીક્ષણ કરવામાં આવેલ છે.

૨) ડીફેન્સ રીસર્ચ ડેવલપમેન્ટ ઓર્ગેનાઈઝેશન દ્વારા આ મિસાઈલ વિક્સવ્માં આવેલ છે.

૩) ડી.આર.ડી.ઓ. દ્વારા આ મિસાઈલનું પરીક્ષણ રાજસ્થાનના વિસ્તારમાં કરવામાં આવેલ.

૪) સંરક્ષણ મંત્રાલય અનુસાર રાજસ્થાનમાં બે અલગ-અલગ સ્થાનો વિરુદ્ધ પરીક્ષણ કરવામાં આવેલ.

૫) આ નાગ મિસાઈલ સાત કિલોમીટર સુધીનું લક્ષ્ય ભેદવામાં સક્ષમ છે.

૬) હાલ ડી.આર.ડી.ઓ.ના અધ્યક્ષ તરીકેની કામગીરી એસ.ક્રિસ્ટોફર બજાવી રહ્યા છે.

૭) ડી.આર.ડી.ઓ.નું મુખ્ય કાર્યાલય નવી દિલ્હી ખાતે આવેલ છે.

## સમીક્ષા 43 (2) તા 13/9/2017

**પ્રકાશને પાદુકોણને લાઈફ ટાઈમ અચીવમેંટ એવોર્ડ આપવામાં આવશે..**

૧)ભારતીય બેડમિન્ટન ખેલાડી પ્રકાશ પાદુકોણને બેડમિન્ટન એસોસિએશન ઓફ ઈન્ડિયા દ્વારા પ્રથમવાર લાઈફટાઈમ અચીવમેંટ એવોર્ડ માટે પસંદ કરવામાં આવ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૨) તેઓને બેડમિન્ટનમાં સારા યોગદાન માટે પસંદ કરવામાં આવ્યા છે.

૩)આ પુરસ્કારમાં 10 લાખ રૂપિયા આપવામાં આવે છે.

૪) તેઓને આ પુરસ્કાર નવી દિલ્હીમાં આયોજિત કાર્યક્રમમાં પ્રદાન કરવામાં આવશે.

૫) પ્રકાશ પાદુકોણે વર્ષ 1980 માં ઓલ ઇંગ્લેન્ડ ચેમ્પિયનશીપ જીતી હતી.

૬) તેઓ દ્વારા વર્ષ 1983 માં કોપનહેગનમાં આયોજિત વિશ્વ ચેમ્પિયનશીપમાં કાંસ્યપદક જીતવામાં આવ્યું હત.

૭) શ્રી હિમાંથી બિસ્વા શર્મા બેડમિન્ટન એસોસિએશન ઓફ ઇન્ડીયાના અધ્યક્ષ છે.

## સમીક્ષા 45 (2) તા 14/9/2017

**નવી દિલ્હીમાં રાજ્ય સ્ટાર્ટ–અપ સંમેલન આયોજિત કરાયું...**

૧) ઔધોગિક નીતિ અને સંવર્ધન વિભાગ ભારત સરકાર દ્વારા નવી દિલ્હીમાં બીજું રાજ્ય સ્ટાર્ટ–અપ સંમેલન આયોજિત કરેલ છે.

૨) રાજ્યમંત્રી સી.આર. ચૌધરીએ આ સંમેલનનું ઉદ્દઘાટન કરેલ છે.

૩) સંમેલનમાં મુખ્ય રૂપથી ઇન્ક્યુબેશન સુવિધાઓ સહીત વિવિધ મુદ્દાઓ પર વિચાર વિમર્શ કરાશે.

૪) આ ઉપરાંત નવા ઉદ્યોગકારોને માટે નિયમો હળવા બનાવવા માટેના પ્રયાસો પણ કરવામાં આવશે.

૫) આ કાર્યક્રમમાં રાજ્યમાં સ્ટાર્ટ–અપ માટે પ્રશાસનિક સુધારો કરવામાં આવે.

૬) ભારતમાં સ્ટાર્ટ–અપ માટે નાણાભંડોળ એકત્ર કરવા માટેની ચર્ચા કરવી.

૭) હાલ ભારતના વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી તરીકે સુરેશ પ્રભુ સેવા આપી રહ્યા છે.

## સમીક્ષા 46 (2) તા 15/8/2017

**14 સપ્ટેમ્બરના રોજ હિન્દી દિવસ મનાવવામાં આવ્યો..**

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

## GK Samixa 1થી 30 September 2017,સામાન્ય જ્ઞાન

૧) દેશના રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ દ્વારા 14 સપ્ટેમ્બર 2017 ના રોજ હિન્દી દિવસના અવસર પર એક કાર્યક્રમ આયોજિત કરવામાં આવેલ તેમાં રાજભાષા પુરસ્કાર આપવામાં આવેલ.

૨) આ ઉપરાંત રાષ્ટ્રપતિશ્રીએ લીલા મોબાઈલ એપનો પણ શુભારંભ કરેલ.

૩) 14 સપ્ટેમ્બર 1949 ના રોજ દેશની બંધારણ સભાએ એક મતથી આ નિર્ણય લીધો હતો, કે હિન્દી ભારતની રાજ ભાષા રહેશે.

૪) આ મહત્વના નિર્ણયને પ્રતિપાદિત કરવા માટે હિન્દીને તમામ ક્ષેત્રોમાં પ્રસારિત કરવા માટે રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધા શરુ કરવામાં આવેલ.

૫) આ સંસ્થાના અભિપ્રાયથી વર્ષ 1953 થી દરવર્ષે 14 સપ્ટેમ્બરને દેશમાં હિન્દી દિવસના રોજ ઉજવણી કરવામાં આવશે, તેવું નક્કી કરવામાં આવ્યું.

૬) 14 સપ્ટેમ્બર 1949 ના બંધારણ સભાએ દેવનાગરી લીપીમાં લખાયેલ હિન્દીને અંગ્રેજી સાથે રાષ્ટ્રની આધિકારિક ભાષા સ્વરૂપે સ્વીકારાઈ છે.

૭) ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં આધિકારિક ભાષા સિવાય અન્ય 22 ભાષાઓ સામેલ છે.

### સમીક્ષા 47 (2) તા 16/8/2017

**દેશના રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ દ્વારા સ્વચ્છતા એજ સેવા અભિયાનનો પ્રારંભ કરાયો..**

૧) સ્વચ્છ ભારત અભિયાન મિશનને સફળ બનાવવા માટે દેશના રાષ્ટ્રપતિ દ્વારા આ જુંબેશ ચલાવવામાં આવી છે.

૨) ગત 15 સપ્ટેમ્બર 2017 થી આ મિશનનો પ્રારંભ કરવામાં આવેલ.

૩) આ એક રાષ્ટ્ર વ્યાપી ઝુંબેશ છે, જેને રાષ્ટ્રપતિશ્રી દ્વારા કાનપુરના દેહાતના ઈશ્વરીગંજ ગામથી શરુ કરવામાં આવેલ છે.

૪) આ અભિયાન આગળના એક પખવાડિયા સુધી ચાલશે, આ યોજના સ્વચ્છ ભારત મિશન અંતર્ગત ચાલશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૫) આ મિશન અંતર્ગત ઘણા પ્રકારના કાર્યક્રમો આયોજિત કરવામાં આવશે, જેમાં શ્રમદાન લોકોને તેમાં જોડાવવા માટે પ્રેરિત કરવામાં આવશે.

૬) યુનિસેફ દ્વારા જાહેર કરાયેલા રિપોર્ટમાં સારી સ્વચ્છતાથી પ્રત્યેક પરિવાર લગભગ 50 હજાર રૂપિયા બચાવી શકે છે.

૭) સ્વચ્છતા સર્વેક્ષણ 2018 ગીત 'સ્વચ્છતા કી જ્યોતિ જગી હૈ' , એ છે.

**સમીક્ષા 48 (2) તા 17/9/2017**

**ગોવા 36 માં આંતરરાષ્ટ્રીય ખેલોની મેજબાની કરશે...**

૧) ભારતીય ઓલિમ્પિક સંઘ (આઈ.ઓ.એ.) એ ઔપચારિક રૂપથી ગોવાને 36 માં રાષ્ટ્રીય ખેલોની મેજબાનીનો અધિકાર આપી દીધેલ છે.

૨) આ જાહેરાત ખેલ રાજ્ય મંત્રી મનોહર અજગાંવકર દ્વારા કરવામાં આવેલ છે.

૩) અજગાંવકરે કહેલ છે કે આઈ.ઓ.એ.ના મહાસચિવ રાજીવ મહેતાએ મુખ્યમંત્રી મનોહર પરિકરને એક પત્રમાં ઔપચારિક રૂપથી નવેમ્બર 2017 આ ખેલની મેજબાની કરવાનું જણાવેલ.

૪) હાલ રમાતા રાષ્ટ્રીય ખેલોને પહેલા ઈન્ડિયન ઓલિમ્પિકના રૂપથી ઓળખવામાં આવતા હતા.

૫) વર્ષ 1985 માં નવી દિલ્હીમાં ઓલિમ્પિકની ઢબ પર પ્રથમ આધુનિક રાષ્ટ્રીય ખેલોનું આયોજન કરવામાં આવેલ.

૬) ત્યારબાદ આ ખેલોનું આયોજન વિવિધ સ્થળે આયોજિત કરવામાં આવેછે.

**સમીક્ષા 49 (2) તા 18/9/2017**

**ગુજરાતમાં તૈયાર થયેલ નર્મદા ડેમને વિધિવત રીતે રાષ્ટ્રને સમર્પિત કરાયો..**

૧) દેશના વડાપ્રધાનના જન્મ દિવસે સરદાર સરોવર ડેમ રાષ્ટ્રને અર્પણ કરવામાં આવેલ છે.

૨) આ ડેમની સાઈટ પર સરદાર પટેલની પ્રતિમા સ્ટેચ્યુ ઓફ યુનિટીનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૩) આ સ્ટેચ્યુ વિશ્વનું સૌથી ઊંચું 182 મીટર જેટલી ઉંચાઈ વાળું બનનાર છે.

૪) નર્મદા ડેમ 1.2 કિલોમીટર લાંબો અને 163 મીટર ઊંડો છે.

૫) નર્મદા ડેમ અમેરિકાના ગ્રાન્ડ કોલી ડેમ પછી વિશ્વનો બીજા નંબરનો મોટો કોંક્રીટ ડેમ છે.

૬) નર્મદા ડેમનું ખાત મુહુર્ત દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુના હસ્તે થયેલ.

૭) હાલ આ ડેમ 138.64 મીટર ઊંચાઈ ધરાવે છે, આ પ્રોજેક્ટ પાછળ કુલ 54,700 કરોડ રૂપિયા ખર્ચાશે.

## સમીક્ષા 50 (2) તા 19/9/2017

**પૂર્વ ડી.આઈ.જી. ડી.રૂપાને રાષ્ટ્રપતિ પદક પ્રદાન કરવામાં આવ્યું..**

૧) કેન્દ્રીય કારગારમાં કથિત અનિયમિતતાઓના ભાંડાફોડ કરનાર ડી.રૂપાને ગણવામાં આવે છે.

૨) તેણીએ જેલમાં એ.આઈ.ડી.એમ.કે. નેતા વી.શશીકલાને મળી રહેલ વિશેષ સુવિધાનો ભાંડા ફોડ કર્યો હતો.

૩) કર્ણાટકના રાજ્યપાલ તરીકે ગુજરાતી વજુભાઈ વાળા સેવા આપી રહ્યા છે.

૪) કર્ણાટકના રાજ્યપાલે રાજભવનમાં કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધરમૈયા અને ગૃહમંત્રી રામલિંગા રેડ્ડીની હાજરીમાં તેણીનું સન્માન કર્યું હતું.

૫) સપ્ટેમ્બર માસના બીજા સપ્તાહમાં એક સમારોહમાં તેણીનું સન્માન કરવામાં આવ્યું હતું.

૬) તેણીએ આપેલ સેવાઓ અને સાહસ પૂર્ણ કાર્ય માટે તેનું સન્માન કરવામાં આવેલ છે.

## સમીક્ષા 51 (2) તા 20/9/2017

**વાય.સી.મોદી રાષ્ટ્રીય તપાસ એજન્સીના નવા પ્રમુખ તરીકે નિયુક્તિ પામ્યા..**

૧) નેશનલ ઇન્વેસ્ટીગેશન એજન્સીના નવા પ્રમુખ તરીકે વાય.સી.મોદીની વરણી કરવામાં આવી છે.

૨) હાલમાં એન.આઈ.એ.ના ડી.જી.તરીકેની સેવા શરદકુમાર આપી રહ્યા છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૩) 30 ઓક્ટોબર 2017 ના રોજ એન.આઈ.એ.ના હાલના ડીજી શરદકુમાર સેવા નિવૃત થશે.

૪) વરિષ્ઠ આઈ.પી.એસ.અધિકારી વાય.સી.મોદી સુપ્રીમ કોર્ટે બનાવેલી વિશેષ તપાસ સમિતિના સભ્ય રહી ચુક્યા છે.

૫) સીટ દ્વારા વર્ષ 2002 માં ગુજરાતમાં થયેલ રમખાણોની તપાસ કરી હતી.

૬) વર્ષ 2015 માં તેઓ સીબીઆઈના એડીશનલ નિર્દેશક પણ રહી ચુક્યા છે.

૭) વર્ષ 1984 ના આસામ–મેઘાલય બેંચના આઈ.પી.એસ.અધિકારી મોદી પાકિસ્તાનમાં આતંકવાદી સંગઠનો દ્વારા જમ્મુ કાશ્મીરના અલગતાવાદીઓ અને પથ્થરબાજોને આર્થિક મદદ આપતા હોવાની તપાસ કરશે.

## સમીક્ષા 52 (2) તા 21/9/2017

**ફિલ્મ અભિનેતા અક્ષય કુમારને ઉત્તરાખંડ સ્વચ્છતા મિશનના બ્રાંડ એમ્બેસેડર નિયુક્ત કરવામાં આવ્યા...**

૧) ઉત્તરાખંડના મુખ્યમંત્રી શ્રી દેવેન્દ્રસિંહ રાવતે રાજ્યમાં સ્વચ્છ ભારત મિશનના બ્રાંડ એમ્બેસેડર તરીકે અભિનેતા અક્ષય કુમારને નિયુક્ત કરેલ છે.

૨) આ પહેલા પણ અક્ષય કુમાર ઓગસ્ટ 2017 માં ઉત્તરપ્રદેશ રાજ્યના સ્વચ્છતા અભિયાનના બ્રાંડ એમ્બેસેડર રહી ચુક્યા છે.

૩) હાલમાં તેમની રીલીઝ થયેલ ફિલ્મ ટોઇલેટ એક પ્રેમકથાને રાજ્યમાં કરમુક્ત જાહેર કરવામાં આવેલ છે.

૪) હાલ ભારતમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સ્વચ્છતાના વિવિધ અભિયાનો હાથ ધરવામાં આવે છે.

૫) ઉત્તરાખંડ રાજ્યની રાજધાની દહેરાદુન છે.

૬) ઉત્તરાખંડના રાજ્યપાલ તરીકેની જવાબદારી શ્રી કૃષ્ણકાંત પોલ નિભાવી રહ્યા છે.

## સમીક્ષા 53 (2) તા 22/9/2017

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

**50 દેશોએ સયુંકત રાષ્ટ્ર પરમાણુ પ્રતિબંધ સંધિ પર હસ્તાક્ષર કર્યા..**

૧) પરમાણું હથિયારો પર પ્રતિબંધ લગાવવા માટે 50 દેશોએ એક સંધી પર હસ્તાક્ષર કરેલ છે.

૨) આ સમજુતી વિશ્વના પરમાણુ શક્તિ ધરાવતા દેશોએ અવગણી છે.

૩) જ્યારે આ સમજુતીને તેના સમર્થક દેશોએ ઐતિહાસિક સમજુતીના સ્વરૂપમાં સ્વીકારી છે.

૪) જુલાઈ 2017 માં પરમાણુ દેશો અને તેના સહયોગીઓના વિરોધમાં 120 થી વધારે દેશોએ નવા પરમાણુ હથિયાર પ્રતિબંધ સંધિને મંજુરી આપી હતી.

૫) હાલમાં પરમાણું વિરુદ્ધ અવાજ ઉઠાવવાની સંધિમાં બ્રાઝીલ દેશ પ્રથમ સહી કરનાર દેશ બનેલ છે.

૬) બ્રાજીલ બાદ આ સંધિ પર અલ્ઝીરિયા અને વેનેઝુએલા દેશે હસ્તાક્ષર કર્યા હતા.

૭) સયુંકત રાષ્ટ્ર સંઘનું મુખ્ય કાર્યાલય ન્યુયોર્ક સયુંકત રાજ્ય અમેરિકામાં સ્થિત છે.

**સમીક્ષા 54 (2) તારીખ 23/9/2017**

**હિમાચલ પ્રદેશ રાજ્ય સરકાર દ્વારા ઈલેક્ટ્રિક બસ સેવાની શરૂઆત કરવામાં આવી..**

૧) આ રાજ્ય સરકારે મનાલી અને રોહતાંગ વચ્ચે 51 કીલોમીટર લાંબા માર્ગની મુસાફરી માટે ઈલેક્ટ્રિક બસ શરુ કરેલ છે.

૨) રાજ્યની પોતાના તરફથી આ પ્રથમ ઈલેક્ટ્રિક બસ શરુ કરાઈ છે.

૩) રાજ્ય પરિવહન મંત્રી જી.એસ.બાલીએ બસ સેવાને લીલીઝંડી દેખાડી રવાના કરેલ.

૪) ડીઝલ ટેક્સીઓના કારણે રોહતાંગ પાસેના વિસ્તારોમાં પ્રદુષણ ફેલાઈ રહ્યું હતું.

૫) આ પહેલ સાથે રાજ્ય 13 હજાર ફૂટની ઊંચાઈ પર ઈલેક્ટ્રિક બસોને ચલાવનાર વિશ્વનું પ્રથમ રાજ્ય બનેલ છે.

૬) આ પ્રયોગનો મુખ્ય ઉદેશ્ય કાર્બન પ્રદુષણને રોકવાનો છે.

૭) પ્રદુષણના કારણે હિમાલયના ગ્લેશિયર પીગળવા માંડ્યા છે, તેમાં આંશિક ઘટાડો થશે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

## સમીક્ષા 55 (2) તા 24/9/2017

**અશ્વિન લોહાણી રેલ્વે બોર્ડના નવા ચેરમન તરીકે નિયુક્ત કરવામાં આવ્યા..**

૧) કેન્દ્ર સરકારે અશ્વિન લોહાણીને રેલ્વે બોર્ડના નવા ચેરમેન તરીકે નિયુક્ત કરેલ છે.

૨) તેઓની નિયુક્તિ એ.કે. મિત્તલના સ્થાન પર કરવામાં આવેલ છે.

૩) રેલ્વે બોર્ડના પૂર્વ ચેરમેન એ.કે.મિત્તલ સતત ઘટતી રેલ્વે દુર્ઘટનાને કારણે પોતાના પદ પરથી રાજીનામું આપી ચુક્યા છે.

૪) ઉત્તર પ્રદેશમાં એક જ સપ્તાહમાં બે રેલ અકસ્માત થવાથી 23 લોકોના અવસાન થયા છે.

૫) અશ્વિન લોહાણી હાલમાં એર ઇન્ડીયાના સીએમડી તરીકે કાર્યભાર સંભાળી રહ્યા છે.

૬) આ ઉપરાંત તેઓ આઈ.ટી.ડી.સી.ના ચેરમેન પણ રહી ચુક્યા છે.

૭) અશ્વિન લોહાણીએ નવી દિલ્હીમાં રેલ મ્યુજીયમના નિર્દેશક તરીકે પણ સેવા આપેલ છે.

## સમીક્ષા 56 (2) તા 25/8/2017

**તુર્કમેનિસ્તાનમાં પાંચમાં એશિયાઈ ઈન્ડોર અને માર્શલ આર્ટસ ગેમ્સમાં ભારતે4 પદક જીત્યા...**

૧) અશબગત,તુર્કમેનિસ્તાનમાં પાંચમાં એશિયાઈ ઈન્ડોર અને માર્શલ આર્ટસ ગેમ્સમાં ભારતે ચાર પદક જીત્યા છે.

૨) ભારતના સાજન પ્રકાશ પુરુષોઈ 100 મીટર બટરફલાઈ પ્રતિયોગિતામાં રજત જીતીને બીજા સ્થાને રહ્યા છે.

૩) દિવ્યા ગુર્લીંગ શીલ્વાંત અને પ્રતિક ચંદ્રકાંત પરહાર બંનેને મહિલાઓની એલીશ કલાસિકમાં 70 કિલોગ્રામમાં અને 75 કિલોગ્રામમાં બેલ્ટ રેસલિંગમાં કાંસ્ય પદક જીતેલ છે.

૪) નાગાલેન્ડના પહેલવાન કેડુઓલીવ જુમુંએ કજાખકૌરેશ શૈલી બેલ્ટ કુશ્તીના 90 કિગ્રા વર્ગમાં કાંસ્યપદક જીતેલ છે.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૫) જયારે સૌરાવ કોઠારીએ થાઈલેન્ડના ખેલાડી સામે બિલિયર્ડ સિંગલ્સમાં સેમીફાઈનલમાં જીત્યા છે.

૬) પાંચ સુવર્ણ, સાત રજત અને સાત કાંસ્યપદક સાથે ભારત 11 માં સ્થાને રહેલ છે.

## સમીક્ષા 57 (2) તા 26/8/2017

**દેશના વડાપ્રધાનશ્રીએ દીનદયાળ હસ્તકલા સંકુલ રાષ્ટ્રને સમર્પિત કર્યું..**

૧) દેશના વડાપ્રધાનશ્રીએ વારાણસીમાં દીનદયાળ હસ્તકલા સંકુલ રાષ્ટ્રને સમર્પિત કરેલ છે.

૨) આ સંકુલ હસ્તકલા શિલ્પનું વ્યપાર સુવિધા કેન્દ્ર છે.જે આ ક્ષેત્રને વિકસિત કરશે.

3) દેશના વડાપ્રધાનશ્રીએ નવેમ્બર 2014 માં આ કેન્દ્રનું ખાત મુહુર્ત કર્યું હતું.

૪) આ સંકુલ 300 કરોડ રૂપિયામાં તૈયાર કરવામાં આવેલ છે.

૫) આ ક્ષેત્ર 43,450 વર્ગ મીટર એરીયામાં તૈયાર કરવામાં આવેલ છે.

૬) વ્યાપાર સુવિધા કેન્દ્રથી કારીગરો અને વણાટકામ સાથે સંકળાયેલા કારીગરોને વૈશ્વિક અર્થવ્યવસ્થા સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે.

૭) આ સંકુલના પ્રથમ ચરણનું ઉદ્દ્ઘાટન 22 ડીસેમ્બર 2016 ના રોજ કરવામાં આવ્યું હતું.

## સમીક્ષા 58 (1) તા 27/9/2017

**સૌભાગ્ય યોજનાની દેશમાં શરૂઆત કરવામાં આવી...**

૧) દેશના વડાપ્રધાનશ્રીએ પ્રધાનમંત્રી સહજ વીજળી હરઘર યોજના સૌભાગ્યને શરુ કરેલ છે.

૨) આ યોજનામાં ડીસેમ્બર 2018 સુધીમાં ગ્રામીણ તથા શહેરી ક્ષેત્રોમાં 4 કરોડથી વધારે પરિવારોને વીજળી કનેક્શન આપવાની નેમ રખાઈ છે.

3) ભારતના 25 કરોડ પરિવારોના 4 કરોડ પરિવારો પાસે આઝાદીના 70 વર્ષો બાદ વીજ કનેક્શન નથી.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

૪) ઉર્જા મંત્રીના કહેવા મુજબ ડીસેમ્બર 201 8 સુધીમા તમામને વીજ કનેક્શન પુરા કરવામાં આવશે.

૫) દેશના તમામ ગામને વર્ષ 2017 ના અંત સુધીમાં વિદ્યુતિકરણમાં ફેરવવામાં આવશે.

૬) સૌભાગ્ય યોજનાનો મૂળ અર્થ થાય છે, સહજ વીજળી હર ઘર યોજના.

૭) આ યોજના ગરીબ પરિવારોને મફત વીજળી કનેક્શન આપશે.

## સમીક્ષા 59 (1) તારીખ 28/9/2017

**આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે વિશ્વ પર્યટન દિવસ મનાવવામાં આવ્યો..**

૧) 27 સપ્ટેમ્બર 2017 ના રોજ પર્યટન દિવસ મનાવવામાં આવ્યો.

૨) આ દિવસનું ઉજવવાનું લક્ષ્ય લોકોને પર્યટન પ્રત્યે જાગૃત કરવાનું છે.

૩) આ વર્ષે વિશ્વ પર્યટન દિવસનો વિષય રાખવામાં આવ્યો હતો, 'વધતું પર્યટન વિકાસનું એક ઉપકરણ છે.'

૪) 27 સપ્ટેમ્બર 1970 ના રોજ વિશ્વ પર્યટન સંગઠનનું બંધારણ સ્વીકારવામાં આવ્યું હતું, તેથી આ દિવસ વિશ્વ પર્યટન દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

૫) સયુંકત રાષ્ટ્ર સંઘ દર વર્ષે વિશ્વ પર્યટન દિવસનો વિષય નક્કી કરે છે.

૬) ભારત વિશ્વના પાંચ પર્યટક સ્થળોમાં એક છે.

૭) વિશ્વ પર્યટન દિવસ સમારોહ સયુંકત રાષ્ટ્ર વિશ્વ પર્યટન સંગઠન દ્વારા વર્ષ 1980 માં શરુ કરવામાં આવેલ.

## સમીક્ષા 60 (1) તા 29/9/2017

**સમગ્ર વિશ્વ સમુદ્રી દિવસ મનાવવામાં આવ્યો...**

૧) 28 સપ્ટેમ્બર 2017 ના રોજ વિશ્વ સમુદ્રી દિવસ મનાવવામાં આવ્યો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્પસ ડાઉનલોડ કરો**

www.edusafar.com

૨) આ વર્ષે મનાવવામાં આવેલ વિશ્વ સમુદ્રી દિવસનો વિષય હતો, કનેક્ટીંગ શિપ્સ પોર્ટસ એન્ડ પીપલ છે.

૩) આ વિષયને પરિચિત કરવા પાછળનો વિચાર શીપીંગ અને અન્ય વિષય પર ધ્યાન કેન્દ્રિત કરવાનો છે.

૪) આંતરરાષ્ટ્રીય સમુદ્રી સંગઠનના સદસ્ય દેશોની સહાયતા કરવા માટેનું ધ્યાન ખેંચવાનો પણ પ્રયાસ કરવામાં આવેલ.

૫) 1948 માં જીનીવામાં એક આંતરરાષ્ટ્રીય સંમેલનના ઔપચારિક રૂપથી આઈ.એમ.ઓ.સ્થાપિત કરવા માટે એક સંમેલનને અપનાવવામાં આવેલ.

૬) આ સંસ્થાનું જુનું નામ બદલીને વર્ષ 1982 માં આઈ.એમ.ઓ. કરવામાં આવેલ છે.

૭) દર વર્ષે આ દિવસ વિવિધ વિષય સાથે મનાવવામાં આવે છે.

## સમીક્ષા 61 (1) તા 30/9/2017

**કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથસિંહે એન.ડી.એમ.એ.ના 13 માં સ્થાપના દિવસનું ઉદ્દ્ઘાટન કર્યું...**

૧) કેન્દ્રીય ગૃહમંત્રી રાજનાથ સિંહે 28 સપ્ટેમ્બર 2017 ના રોજ રાષ્ટ્રીય આપદા પ્રબંધન પ્રાધિકરણના 13 માં સ્થાપના દિવસ સમારોહનું ઉદ્દ્ઘાટન કરેલ છે.

૨) આ વર્ષના સ્થાપના દિવસની થીમ રાખવામાં આવી હતી, 'સ્કુલ સંરક્ષા'.

૩) ગૃહ મંત્રીએ કહ્યું છે કે 13 વર્ષોના કાર્યકાળમાં એન.ડી.એમ.એ. ખુબ સારી કામગીરી કરેલ છે.

૪) આ સંસ્થાએ સમગ્ર વિશ્વમાં ભારતની વિશ્વસનીયતા સ્થાપિત કરેલ છે.

૫) એન.ડી.એમ.એ એ આપદા પ્રબંધનની ક્ષમતાને વધારવા માટે બહેતર કાર્ય કરેલ છે.

૬) આ સંસ્થાની સ્થાપના વર્ષ 2005 માં થયેલ છે.તેનું વડુંમથક નવી દિલ્હી ખાતે આવેલ છે.

૭) એન.ડી.એમ.એ.ના હાલમાં 29 જેટલા કેન્દ્રો કાર્યરત છે. આ સંસ્થા સ્થાપવાનો પ્રથમ પ્રયાસ વર્ષ 1995 માં કરવામાં આવ્યો હતો.

**આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી એપ્સ ડાઉનલોડ કરો**

www.edusafar.com

# GK Samixa 1થી 30 September 2017,સામાન્ય જ્ઞાન

– પરેશ ચાવડા

www.edusafar.com

આપ Google Play Store માં જઈ Edusafar લખી સર્ચ કરી  એપ્સ ડાઉનલોડ કરો